# આજે લાયન્સ ક્લબનો ૪૨મો શપથવિધિ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલની ૪૨મો ડીસ્ટ્રીક્ટ કેબીનેટનો તા. ૨૦મી જુલાઈ રવિવારે મહાત્મા મંદિર ખાતે શપથવિધિ સમારોહ યોજાનાર છે. આ સમારંભ સાંજે ૪ વાગ્યાથી પ્રારંભ થશે જેમાં રાજ્યના પ્લાનીંગ કમીશનના વાઈસ પ્રેસીડેન્ટ નરહરિ અમીન ઉપસ્થિત રહેશે.

આ શપથવિધિ સમારોહમાં ઉદ્‌ઘાટક તરીકે લાયન્સ ક્લબના ભૂતપૂર્વ ઈન્ટરનેશનલ પ્રમુખ રોહિત મહેતા ઉપસ્થિત રહેનાર છે. ગાંધીનગરની ડીસ્ટ્રીક્ટ ૩૨૩-બી ની વર્ષ ૨૦૧૪-૧૫ માટેની ટીમનો આ ૪૨મો ઈન્સ્ટોલેશન પ્રોગ્રામ યોજાઈ રહ્યો છે. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે રાજ્યના આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન હાજરી આપવાના છે. આ સમારંભમાં તમામ લાયન્સ મેમ્બર્સને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાઆવ્યું છે.

# આર્ટ ઓફ લીવીંગની શિબિર મંગળવારે યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

પ.પૂ. શ્રી રવિશંકરજી પ્રેરિત ૧૮ વર્ષથી ઉપરની વય માટેના આર્ટ ઓફ લીવીંગ હેપીનેસ પ્રોગ્રામનું આયોજન તા. ૨૨મીથી તા. ૨૭મી જુલાઈ સુધી સવારે ૬ થી ૯ સુધી અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ સુધી મેઘ મલ્હાર સેક્ટર-૧૧માં યોજાશે. શિબિરમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. રજીસ્ટ્રેશન માટે સ્થળ પર અથવા શ્રી સુરેશભાઈ પરમાર -૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# જુસીકા દ્વારા મુક્તિધામ ખાતે વાંચનાલય શરૂ કરાયું

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની જુનીયર સિટિઝન કાઉન્સીલ દ્વારા વિદ્યાર્થીઓ પરીક્ષામાં એક ચિત્તે શાંત વાતાવરણમાં વાંચી શકે તે માટે સે. ૩૦માં આવેલ સ્મશાન મુક્તિધામમાં વાંચનાલય શરૂ કરવામાં આવ્યું છે. આ વિસ્તારના મ્યુનિશિપલ કાઉન્સીલર હંસાબેન મોદી પાસે પરીક્ષાર્થીઓની રજૂઆત આવતા તેમણે મનપાના મેયર મહેન્દ્રસિંહ રાણા સમક્ષ આ બાબતે પ્રસ્તાવ મુક્યો હતો. મેયર મહેન્દ્રસિંહ રાણાની ભલામણથી જુસીકા દ્વારા આવાંચનાલયનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જુસીકાના જીલુભા ધાંધલે ભવિષ્યમાં પુસ્તકો તેમજ કબાટોની વ્યવસ્થા થઈ જતા આ વાંચનાલય ખાતે પુસ્તકાલય પણ ચાલુ કરવામાં આવશે તેવી આશા વ્યક્ત કરી છે. મ્યુ. કાઉન્સીલર હંસાબેન મોદીએ પરીક્ષાર્થીઓને આ વાંચનાલયનો લાભ લેવા નમ્ર અપીલ કરી છે.

## મંગળવારે સેક્ટર-૩-સી માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૯

શ્રી જ્યોતિબેન પટેલ સેક્ટર-૩-સીના શક્તિ ચોક મંદિરમાં તા. ૨૨મી જુલાઈના રોજ મંગળવારે બપોરે અઢી વાગે મા મેલડી આનંદ ગરબા મંડળ તરફથી આનંદનો ગરબો યોજાશે. ભક્તોએ લાભ લેવા પ્રમુખશ્રી પ્રફુલ્લાબેને જણાવેલ છે.

# આજે શ્રી ચારજથ્થા વાલમ બ્રાહ્મણ મંડળની બેઠક મળશે

અમદાવાદ, તા. ૧૯

શ્રી ચારજથ્થા વાલમ બ્રાહ્મણ સમાજ પ્રગતિ મંડળ, અમદાવાદની સામાન્ય સભા આજરોજ રવિવાર, સવારે ૯.૦૦ વાગે વિંઝોલ ધનપાલ મહાદેવ, હાથીજણ સર્કલ અમદાવાદ ખાતે યોજાશે. સભામાં સુપ્રસિદ્ધ રામકથાકાર રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રી જગદીશભાઈ ભટ્ટને આશીર્વચન આપી પ્રમુખ પદે બેસાડશે. સભામાં ચુંવાળ, વઢિયાર, ઝાલાવાડ અને દશકોશી વાલમ બ્રાહ્મણ ઉપસ્થિત રહેવા સુધીર મહેતાએ જણાવ્યું છે.

# જીવ કલ્યાણ સંસ્થાની કારોબારી વરાઈ : આજે બેઠક મળશે

ગાંધીનગર, તા.૧૯

જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની બેઠક તાજેતરમાં મળી હતી. બેઠકમાં વર્ષ ૨૦૧૪-૧૬ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. તેમજ સંસ્થાની આગામી બેઠક આજે રવિવારે સાંજે ૫.૦૦ વાગે પંચદેવ મંદિર યજ્ઞ સભાખંડમાં પ્રમુખ કે.બી. વ્યાસના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે. સંસ્થાના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે કે.બી. વ્યાસ, ઉપપ્રમુખ તરીકે ભોગીભાઈ ઠાકર, મંત્રી તરીકે રમણીકભાઈ વ્યાસ, સહમંત્રી તરીકે અમરીશભાઈ પરમાર, કોષાધ્યક્ષ તરીકે ભાઈલાલભાઈ ઠાકર, આંતરિક અન્વેષક-નવીનભાઈ, કારોબારી સભ્યોમાં મુકુન્દભાઈ જોષી, બાલકૃષ્ણભાઈ જોષી, અરવિંદભાઈ કનાડા, માર્ગદર્શક તરીકે કનુભાઈ ત્રિવેદી, રવિન્દ્રભાઈ દવેની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# આજે શિવકથામાં ભરત બારૈયા શિવતાંડવ કરશે

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૩-ડી રામેશ્વર મંદિરમાં શ્રી શ્રી ૧૦૮ શ્રી સ્વામિ વૈરાગ્યનંદગીરી મહારાજની વ્યાસપીઠે યોજાઈ રહેલી શ્રી શિવ મહાપુરાણ અમરકથામાં આજે રવિવારે આંતરરાષ્ટ્રીય ખ્યાતી મેળવેલ ડાન્સર ભરત બારૈયા અને અક્ષય પટેલ ઉપસ્થિત રહેશે. શિવમહાપુરાણ કથામાં ભરત બારૈયા દ્વારા ૧૦૦ દિવડાની આરતી તેમજ શિવતાંડવ નૃત્ય કરવામાં આવશે. બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન કથા સમયે નૃત્ય યોજાશે ત્યારે આ મહાઆરતીમાં ભાવિ ભકતોને ઉપસ્થિત રહી દર્શનનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# માણસા શ્રી સર્વોદય છાત્રાલય કમિટીની વાર્ષિક સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

માણસા શ્રી સર્વોદય છાત્રાલય કમિટીની ૬૦મી વાર્ષિક સાધારણ સભા સંસ્થાના પ્રમુખ રમેશચંદ્ર પરમારના અધ્યક્ષસ્થાને સભાખંડમાં યોજવામાં આવી હતી. આ સભામાં જિલ્લામાં વસતા ગરીબ પછાત વર્ગના વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે ત્યારે કમિટી જિલ્લાના ધોરણ ૫ થી ૧૨માં અભ્યાસ કરતા પછાત અને ગરીબ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા માટેની સુવિધા, સ્કુલ ડ્રેસ, ચોપડા, નોટબુક, કંપાસ, ન્હાવા માટેના ટુવાલની સગવડ આપવામાં આવશે. સેવામાં સહાયરૂપ થવા માટે વાર્ષિક જનરલ સભામાં સભ્યો દ્વારા રૂપિયા ૨૫ હજારનું દાન આપવામાં આવ્યું છે.




**વિધાનસભાના દર્શને બાળકો :** શહેરની પાસે આવેલ લેંકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોને વિધાનસભા મુલાકાતે લાવવામાં આવ્યા હતા. શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૫ થી ૯ ના બાળકોને મુલાકાતમાં વિધાનસભામાં ચાલતી સત્રની કાર્યવાહી ઉપરાંત ગ્રંથાલય, સંસદીય બ્યુરો ખંડનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. તેમજ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રીની મુલાકાત પણ લેવામાં આવી હતી. બાળકોએ મુખ્યમંત્રી સમક્ષ પ્રશ્નોની આપ-લે કરી ચર્ચા કરી હતી.

# ગાંધીનગરના યુવા સ્વિમર રાજીન્દરસિંઘ આનંદે નગરમાં સર્વ પ્રથમ નેશનલ મેડલ મેળવવાનું બિરૂદ મેળવ્યું


## ભોપાલ ખાતે ૪૧મી જુનિયર નેશનલ એકવોટિક ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો

ગાંધીનગર, તા. ૧૯

હાલમાં ૪૧મી જુનિયર નેશનલ એક્વેટિક ચેમ્પિયનશીપ-૨૦૧૪ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે યોજાઈ હતી. આ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના યુવાને નગરમાં સર્વપ્રથમ નેશનલ મેડલ મેળવ્યો છે. આ યુવાને ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

કહેવાય છે કે મન હોય તો માળવે જવાય... આ કહેવતને ગાંધીનગરમાં રહેતા રાજીન્દરસિંગ આનંદે સાર્થક કરી છે. ગાંધીનગરમાં સ્વિમીંગ પૂલ તેમજ એડવાન્સ ટ્રેઈનીંગ કોચની સગવડ ન હોવાથી અમદાવાદમાંથી માર્ગદર્શન મેળવી સ્વિમીંગની તાલીમ મેળવી જેનું ફળ પણ મેળવ્યું છે.

૪૧મી જુનિયર નેશનલ એક્વેટીક ચેમ્પિયનશીપ-૨૦૧૪ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે તા. ૧૨ થી ૧૬ જુલાઈ દરમિયાન યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરના રહિશ અને સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા રાજીન્દરસિંગ આનંદે ભાગ લીધો હતો.



સ્પર્ધામાં રાજીન્દરસિંગ આનંદે ૫૦૦ મીટર બેક સ્ટ્રોકમાં ૦૦.૩૦.૯૫ અને ૧૦૦ મીટર બેક સ્ટ્રોકમાં ૦૧.૦૭.૭૨ ટાઈમીંગમાં પૂર્ણ કરી બે બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. બે મેડલ મેળવી ગાંધીનગર જિલ્લા માટે સર્વ પ્રથમ મેડલ મેળવનાર યુવા સ્વિમર બન્યો છે.

માત્ર નવ વર્ષની ઉંમરેથી સ્વિમીંગની શરૂઆત કરનાર રાજીન્દરસિંઘે અનેક તકલીફો છતા સફળતા પ્રાપ્ત કરી છે. નગરમાં યોગ્ય સ્વિમીંગ પૂલ અને કોચના અભાવે અમદાવાદના કોચ કમલેશ નાણાવટીના માર્ગદર્શન હેઠળ તૈયારી કરી છે. અને છેલ્લા એક વર્ષથી ઈન્ફોસિટી ક્લબમાં ચિરાગ ચેબા દ્વારા તાલીમ મેળવી રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે રાજીન્દરસિંઘ આનંદે નગરને પ્રથમ નેશનલ મેડલ અપાવવાનું બિરૂદ્ધ મેળવ્યું છે.

# મધ્યાહ્‌ન ભોજન યોજનાના કર્મચારીઓ આંદોલન કરશે

ગાંધીનગર, તા. ૧૯

છેલ્લા ૩૦ વર્ષથી માસિક એક હજાર રૂપિયામાં નિષ્ઠા બજાવતા મધ્યાહ્‌ન ભોજનના એક લાખ કર્મચારીઓને બેકાર કરવાનો સરકાર દ્વારા કારસો રચવામાં આવ્યો છે. ત્યારે આ નિર્ણયના વિરોધમાં ગુજરાત રાજ્ય મધ્યાહ્‌ન ભોજન યોજના કર્મચારી મહામંડળ મહારેલી યોજી આંદોલન કરશે.

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને એક ટાઈમનું ભોજન પુરૂ પાડવા માટે મધ્યાહ્‌ન ભોજન યોજના ચલાવવામાં આવે છે. ત્યારે આ યોજનામાં છેલ્લા ૩૦ વર્ષથી કામ કરતા કર્મચારીઓને બેકાર બનાવવા માટે વ્યુહરચના કરવામાં આવી રહી છે.

મધ્યાહ્‌ન ભોજન યોજનાને એન.જી.ઓ. સંસ્થાને સોંપવામાં આવી રહી છે. ત્યારે આ યોજનામાં કાર્ય કરતા કર્મચારીઓ આગામી ૨૮ જુલાઈના રોજ બપોરે ૧૨ કલાકે પોતાના પરિવાર સાથે સરકારના આ નિર્ણય સામે બંડ પોકારશે.

ત્યારે મહામંડળના પ્રમુખ અને હોદ્દેદારોએ જણાવ્યું છે કે સરકાર દ્વારા દરેક બોર્ડ નિગમોમાં તેમજ અન્ય વિભાગોમાં માનદ સેવા બજાવતા કર્મચારીઓના વેતન દરમાં વધારો કરવામાં આવ્યો છે. દર વર્ષે આંગણવાડીના કાર્યકરોના પણ પગારો વધારવામાં આવે છે. તેમજ કહેવાતા પ્રજાના પ્રતિનિધિઓ એવા રાજ્યના ધારાસભ્યોનો લાખ્ખો રૂપિયા પગાર હોવા છતાં પગાર વધારો કરવામાં આવે છે. તો મધ્યાહન ભોજન યોજનાના સંચાલક, રસોઈયા અને સહાયકના પગાર વધારવામાં સરકારને ક્યા દુઃખે છે ?

**વિધાનસભાના ધારાસભ્યોના પગારો વધારવામાં આવે છે પરંતુ ૩૦ વર્ષથી મધ્યાહ્‌ન ભોજન યોજનામાં ફરજ બજાવતા કર્મચારીઓની એક કોડી પણ વધારવામાં આવી નથી**

ત્યારે સરકાર પગાર વધારવાને બદલે એક લાખ કર્મચારીઓને બેકાર બનાવવાથી શુ મળશે? સરકારે મંડળ સાથે કિન્નાખોરીની જગ્યાએ સમાધાન કરવુ જોઈએ. મંડળે તેમની વર્ષો જુની માંગણીઓ પગાર વધારો કરવો, કર્મચારીઓને કાયમી કરવા, એન.જી.ઓ.નો નિર્ણય રદ કરી ભવિષ્યમાં એન.જી.ઓ. દાખલ નહિ કરવા, નિવૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષ કરવા અને ઉચ્ચકક્ષાની સમિતિ અહેવાલનો અમલ કરવા જણાવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે જ્યારે વર્ષ ૧૯૯૮માં કેશુભાઈ પટેલની સરકાર વખતે મંડળે ચ-૫ ખાતે આંદોલન કર્યુ હતું ત્યારે હાલના મુખ્યમંત્રીએ તે સમયે મધ્યસ્થી બની પારણા કરાવ્યા હતા. તે સમયે મુખ્યમંત્રી સરકારમાં મંત્રી હતા. ત્યારે પારણા કરાવનાર મંત્રી આજે કેમ મંડળના પ્રશ્નોને વાચા આપતા નથી તે સમયે પારણા કરાવ્યા હતા અને કર્મચારી આલમમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. છતાં આજ સુધી તે સમયની માંગણીઓનો ઉકેલ પણ લાવવામાં આવ્યો નથી. તેથી આગામી સમયમાં મંડળ ગાંધી ચિંધ્યા માર્ગે અહિંસક આંદોલનનો માર્ગ અપનાવશે.

# નગરના યુવાનોએ જીઈબી કોલોનીની સરકારી શાળામાં અનોખી ગુરૂપૂર્ણિમા ઉજવી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની યુવા કલ્ચરલ



ફોરમના સભ્યોએ જીઈબી કોલોની ખાતે સરકારી પ્રાથમિક શાળામાં બાળકો સાથે અનોખી રીતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરી હતી. આ યુવાનોએ ધો. ૧ થી ૪ના બાળકોને નિશાન-તાક, સંગીત ખુરશી, દડા માર તેમજ યાદ શક્તિ અંગેની રમતો રમાડી હતી. તેમજ સ્વાતંત્ર્ય સેનાની અબ્દુલ કલામ આઝાદના જીવન પ્રસંગોની વિડિયો ફિલ્મ બતાવી પ્રશ્નોત્તરી કરી હતી.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ગુરૂપૂર્ણિમાના શ્લોકોનું ગાન કર્યું હતું. યુવાનોએ બાળશકોને ગાંધીનગરના જોવાલાયક સ્થળો તેમજ તમામ સર્કલોને આવરી લેતી એક વિડીયો ફિલ્મ પણ બતાવી હતી. તે જોઈને બાળકો ગેલમાં આવી ગયા હતા. આ યુવાનોએ બાળકોને અલ્પાહાર કરાવી ભેટરૂપે નાસ્તાના ડબ્બા, પાણી માટેની બોટલ અને જમવાની ડીશોનું વિતરણ કર્યુંહતું. આ ટેકનોલોજીના યુગમાં યુવાનો દ્વારા ઝુંપડપટ્ટીના બાળકો માટે યુવાનોએ કરેલી આ પ્રવૃત્તિથી શાળાના આચાર્યા દિપ્તી વસાવડા અને તે વખતે હાજર વિસ્તારના કોર્પોરેટર હંસાબેન મોદી ગદ્‌ગદીત થઈ ગયા હતા. તેમણે આ યુવાનો વિશાલ, મનદીપ, પ્રતિક અને મોદીભાઈનો આભાર માન્યો હતો.

# ચેક પરત કેસમાં આરોપીને ૬ માસની કેદ

## દવાની ફેક્ટરીનો ધંધો વિકસાવવા ૬ લાખ ઉછીના લીધા હતા

ગાંધીનગર, તા. ૧૯

મિત્રતાના નાતે ૬ લાખ હાથ ઉછીના આપવાના કેસમાં ચેક પરત થતા ગાંધીનગર કોર્ટે આરોપીને ૬ માસની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર રાંધેજા ગામમાં મહાદેવ ફળી વાસમાં રહેતા જયેશ મનવરલાલ પંડ્યા તેમજ સે. ૧૭ સ્થિત બ્લોક નં. ૧૬૫/૭ ચ-ટાઈપમાં રહેતા કલ્પેશ મહેન્દ્રભાઈ જોષી વચ્ચે મિત્રતાના સંબંધ હતા. જ્યારે મિત્રતાના નાતે દવાની ફેકટરીનો ધંધો વિકસાવવા કલ્પેશભાઈએ જયેશભાઈ પાસે રૂ. ૬ લાખની માંગણી કરી હતી. જ્યારે તેમની પર વિશ્વાસ અને ભરોસો રાખી તેમણે કલ્પેશભાઈને આ રકમ આપી હતી. જ્યારે આ રકમ પૈકી રૂ. ૨ લાખનો ચેક ફરિયાદીને આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા અપૂર્ણ ભંડોળના લીધે પરત થયો હતો. જ્યારે આરોપીએ પૈસા પરત ન કરતા તેની વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની ૭ મા એડીશ્નલ ચીફ જ્યુ. મેજી. કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે આર.આર. સોલંકીએ દલીલો કરી હતી. જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ એમ.એ. મીરઝાએ આરોપીને તકસીરવાન ઠરાવી ૬ માસની કેદની સજા તેમજ રૂ. ૫ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે. અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૧ માસની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

# રાજ્ય સરકાર તુરી-બારોટ સમાજને સહાય આપશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકાર દ્વારા તુરી બારોટ કલાકારોની સંસ્થા/મંડળીને જૂના નાટકોનું પુનઃ નિર્માણ કરવા માટે આર્થિક સહાય આપવાની યોજના અન્વયે ગુજરાત રાજ્યમાં રહેતા તુરી બારોટ કલાકારોની ઓછામાં ઓછી પાંચ વર્ષથી કાર્યરત સંસ્થા/મંડળીને જૂના નાટકોનું પુનઃ નિર્માણ કરવા માટે રૂ. ૨૫,૦૦૦ નાટ્ય નિર્માણ માટે, વધુમાં વધી પાંચ શો માટે, શો દીઠ રૂ. ૧૫,૦૦૦ લેખે રૂ. ૭૫,૦૦૦ મળી કુલ રૂ. ૧,૦૦,૦૦૦ ની આર્થિક સહાય આપવામાં આવશે. નાટકમાં કામ કરતા કલાકારો તુરી-બારોટ સમાજના હોવા જરૂરી છે. તેમજ નાટક અથવા જૂના વેશ-પરંપરાગત હોવા આવશ્યક છે. આ યોજનામાં રસ ધરાવતી સંસ્થા/મંડળીઓએ આ અંગેના અરજી ફોર્મ તા. ૨૫-૭-૧૪ સુધીમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી બ્લોક નં. ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ફોન નં. ૨૩૨-૫૧૬૯૩ ખાતેથી મેળવી તા. ૩૦-૭-૧૪ સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૨૪

## તાપમાન

મહત્તમ : ૩૧.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૮૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૩૦
હેટ સ્ટોરી ૨ : ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
પિઝા (૩ડી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અમીત સાહની કી લીસ્ટ : ૧૨.૩૦, ૨.૪૫
રિયાસત : ૫.૦૦
લાઈ ભારી (મરાઠી) : ૭.૦૦, ૧૦.૦૦
એક વિલન : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
એક વિલન : ૬.૪૫
અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦
હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫

: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે) , ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫

: સ્ક્રીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેટ સ્ટોરી-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ધાર્મિક કાર્યક્રમ

- અષાઢ વદ નોમ, તા. ૨૦-૭-૨૦૧૪, રવિવારના રોજ ચાંદીના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર

## આપની આજ

**મેષ** : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

**વૃષભ** : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં મળશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

**મિથુન** : વેપાર-ધંધો સારો ચાલશે. અણધાર્યા લાભની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી કરવો. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : સફળ યાત્રા થશે. દેવાની ચિંતા ઓછી થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

**કન્યા** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશં. સંતાનની પ્રગતિ થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

**તુલા** : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે.

**મીન** : મિત્ર સહયોગ પ્રાપ્ત ન થઈ શકે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.